# **અખબારી યાદી**

## **RTE પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૩-૨૪ માટે અમાન્ય થયેલ ઓનલાઈન અરજીઓમાં ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે અરજદારોને તક આપવા બાબત**

RTE ACT-2009ની કલમ 12.1.(C) અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં 25% લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે તા. ૩૧/03/૨૦૨૩નાં રોજ જાહેરાત બહાર પાડી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. જેમાં આશરે ૯૮,૫૦૧ જેટલી ઓનલાઈન અરજીઓ વેબપોર્ટલ પર મળેલ હતી. સદર ઓનલાઈન મળેલ અરજીઓની ચકાસણી કરવાની પ્રક્રિયા જિલ્લા કક્ષાએ તા. ૧૦/૦૪/૨૦૨૩ થી તા. ૨૩/૦૪/૨૦૨૩ દરમિયાન હાથ ધરવામાં આવેલ હતી. આવેલ અરજીઓની ચકાસણી બાદ કુલ ૧૪,૪૮૩ જેટલી અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય થયેલ છે.

જે ધ્યાને લઈ ***જે અરજદારોની ઓનલાઈન અરજી રીજેક્ટ થયેલ છે. માત્ર તેવા અરજદારો તા. ૨૫/૦૪/૨૦૨૩ થી તા. ૨૭/૦૪/૨૦૨૩ ના સમયગાળા દરમિયાન ઓનલાઈન વેબપોર્ટલ*** https://rte.orpgujarat.com/ ***પર જઈ એપ્લિકેશન નંબર અને જન્મ તારીખ દાખલ કરી રીજેક્ટ થયેલ અરજીમાં જો કોઈ જરૂરિયાત મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવા માંગતા હોઈ તો અપલોડ કરી પોતાની એપ્લિકેશન સબમિટ કરી શકશે.*** જે અંગેની જાણ અરજદારોને SMS દ્વારા પણ કરવામાં આવશે. સદર સમયગાળા બાદ રીજેક્ટ થયેલ અરજીઓની પુનઃ ચકાસણી જિલ્લા કક્ષાએ તા. ૨૫/૦૪/૨૦૨૩ થી તા. ૨૯/૦૪/૨૦૨૩ દરમિયાન કરવામાં આવશે. જે અરજદારો આ સમયગાળા દરમિયાન પોતાની રીજેક્ટ થયેલ અરજીમાં કોઈ સુધારો કરવા ન માંગતા હોય તો તેઓની અરજી અમાન્ય રાખી નિયમાનુસાર RTE પ્રવેશ પ્રકિયા હાથ ધરવામાં આવશે.